ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ગાંધીનગર રેડઝોનમાં મુકાયુ

## કેન્દ્ર આરોગ્ય મંત્રાલયે રેડ, ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં દેશના જિલ્લાઓને વહેંચ્યા



ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના ૪૮ જેટલા પોઝીટીવ કેસ નોંધાતા કેન્દ્ર સરકારે જિલ્લાને રેડ ઝોનમાં મુકેલ છે.

કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલયે આજે સવારે જ ઝોન વાઈઝ જિલ્લાઓ વિભાજીત કર્યા છે. રાજ્યના ૯ જિલ્લા રેડ ઝોનમાં આવ્યા છે. જેમાં ગાંધીનગરનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર શહેરમાં ૨૫ અને ગ્રામ્યવિસ્તારમાં ૨૩ કોરોનાના કેસો નોંધાયા છે. જિલ્લાનો સમાવેશ રેડ ઝોનમાં કરાતાં જ તંત્રમાં પણ હડકંપ મચી ગયો છે. જિલ્લાતંત્રએ કન્ટેનમેન્ટ ઝોનનું અમલીકરણ સખ્તાઈપૂર્વક કરવાની સૂચનાઓ આપી દીધી છે.

આજે જિલ્લાના અધિકારીઓએ પણ કોરોનાની સ્થિતિને લઈ સમીક્ષા કરી હતી. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત શહેરમાં પ્રવેશવાના માર્ગો પર ચકાસણીની કામગીરીને સઘન બનાવવામાં આવી છે.

ગાંધીનગર પહેલાં ગ્રીન ઝોનમાં હતુ પરંતુ છેલ્લા ચાર દિવસમાં જે રીતે કેસોમાં વધારો જોવા મળ્યો છે તેને લઈ જિલ્લાને રેડ ઝોનમાં મુકવામાં આવ્યાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

# ગાંધીનગર મનપા વિસ્તારમાં હવે માસ્ક ફરજીયાત કરાયું

## રજી મેના શનિવારે સવારે ૬ વાગ્યાથી જાહેરનામુ અમલી બનશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગરપાલિકાએ પણ આજે મોડી સાંજે શહેરમાં દરેક માટે માસ્ક ફરજીયાત પહેરવાનો રહેશે તેવુ જાહેરનામુ પ્રસિદ્ધ કર્યુ છે.

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા કરાયેલ નિર્ણયને પગલે હરકતમાં આવેલ મનપાએ આજે મોડી સાંજે આ જાહેરનામુ પ્રસિદ્ધ કર્યુ છે.

**માસ્ક વિના ફરતા વ્યક્તિ પાસેથી પ્રથમ વખત ૧ હજાર અને ત્યાર પછી પાંચ હજાર દંડ વસુલવામાં આવશે**

આ જાહેરનામામાં જણાવ્યા મુજબ નાક અને મોં બન્ને સ્પષ્ટ રીતે ઢંકાયેલા રહે તે રીતે માસ્ક ધારણ કરવાનો રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તી પ્રથમ વખત પકડાશે તો રૂ. એક હજાર દંડ વસુલવામાં આવશે. આ પછી પણ તે પોતાની ભૂલ દોહરાવશે તો રૂ. ૫૦૦૦નો દંડ વસુલવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના સંક્રમણના વધતા જતા કેસોને નિયંત્રિત કરવા માટે જરૂરી પગલાં લેવાની સંપ્રાપ્ત સત્તા અંતર્ગત મ્યુનિ. કમિશનર દ્વારા આ નિર્ણય કરવામાં આવેલ છે. આ બાબતે અગાઉ સ્થાયી સમિતિના ચેરમેન સર્વપક્ષીય બેઠકમાં પણ મળેલી રજુઆત પછી કમિશનરશ્રીને આ માટે સત્વરે પગલાં લેવા અને માસ્ક ફરજીયાતનું જાહેરનામુ પ્રસિદ્ધ કરવા કહ્યુ હતુ જે નોંધનીય છે.

આજે મોડી સાંજે પ્રસિદ્ધ કરાયેલા જાહેરનામાનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે. ગાંધીનગર શહેરમાં કોરોનાના ૨૫ કેસ નોંધાયા છે અને જિલ્લાને રેડ ઝોનમાં મુકવામાં આવ્યો છે. આ પછી આજે મનપાનું તંત્ર હરકતમાં આવ્યું છે.

# સરકારી બાબુઓ જિલ્લા ફેર બાદ વીઆઈપી કોરંન્ટાઈન ભોગવે છે

**દિકરા કે દિકરીને મંજુરીના અંતે જિલ્લા બહારથી લાવી કોરંન્ટાઇન મોડમાં આવતા અફસર પરિવારો ખર્ચ પણ તોતિંગ : ગરીબોને અનાજ પહોંચાડવાની ચિંતા વચ્ચે શિક્ષિત અને સક્ષમ પરિવારોએ માનસિકતા સુધારવાની અનિવાર્યતા હોવાનો સુર**

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં પોતાના દિકરા દિકરી કે સગાસંબંધીઓને એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં ઘર વાપસી માટે લેવા જતા સરકારી અફસરો અને તેમના પરિવારજનોને ૧૪ દિવસ કોરંન્ટાઈન કરવામાં આવે છે. સરકારી બાબુઓથી ઘેરાયેલા આ નગરમાં મોટાભાગના સરકારી અધિકારીઓનો સમાવેશ થાય છે. આવા સંજોગોમા કોરાનાની મહામારી વચ્ચે લાંબા સમયથી એક યા બીજા જિલ્લામાં અટવાયેલા નાગરિકોને પણ પોતાની ઘર વાપસી કરવા માટે સરકારી તંત્રની મંજુરી લેવી પડે છે. ગાંધીનગરમાં રહેતા સરકારી અફસરો પણ આ વ્યવસ્થાનો પુરતો લાભ ઉઠાવી રહ્યા છે. જે માત્ર પોતાના પુત્ર કે પુત્રીને પરત લાવવા પુરતો જ નહીં પરંતુ ત્યારબાદ ૧૪ દિવસના કોરંન્ટાઈન પિરીયડ માટે પણ આ પરિવારજનોની વિશેષ તકેદારી રાખવાની ફરજ સ્થાનિક પ્રશાસનની બને છે. આવા સંજોગોમાં જિલ્લાફેર થઈને આવતા નાગરિકોના પરિવારજનોને ઘરમાં જ સઘળી વ્યવસ્થા પુરી પાડવામાં આવે છે. જેમાં દુધ , શાકભાજી અને કરિયાણાની કીટ પણ વિતરણ થાય છે. પરંતુ ગાંધીનગરમાં આ વ્યવસ્થા પણ વી આઈ પી બનતી જાય છે. અલબત્ત બીજા જિલ્લામાંથી આવેલા અફસરના દિકરા કે દીકરીના પરિવારજનોને કોરંન્ટાઈન કરવામાં આવતા ૧૪ દિવસની જરૂરી સામગ્રીનો ખર્ચ પણ સરકારના માથે પડે છે. જયારે આ દિવસો દરમિયાન પોતાની મુળભુત જરૂરીયાત કરતા પણ વધુ દુધ અને શાકભાજી સહીતની ચીજવસ્તુઓ ઓર્ડર કરવામાં આવતી હોવાની બુમ પણ ઉઠવા પામી છે. એકબાજુ મહામારીના આ સંજોગોમાં સરકાર એક સાંધે ત્યાં તેર તુટે તેવી સ્થિતિ છે. ત્યારે સંકટના સમયમાં વી આઈ પી

● અનુસંધાન પાન-૭ પર

# અડાલજમાં વધુ એક કેસ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં આજે વધુ એક કેસ કોરોના પોઝીટીવનો નોંધાયો છે. જિલ્લાના અડાલજ ખાતે આજે વધુ એક કેસ નોંધાયો છે. આ દર્દીને સારવાર માટે સિવીલમાં ખસેડવામાં આવેલ છે.

મળત વિગતો પ્રમણે અડાલજ ખાતે આજે મળેલ દર્દી આમ તો કવોરોન્ટાઈન હેઠળ હતો. આ દર્દી થોડા દિવસ પૂર્વે અમદાવાદના બહેરામપુરા વિસ્તારમાં ગયો હતો. ત્યાંથી પરત આવ્યા બાદ આ પરિવારને કવોરોન્ટાઈન કરવામાં આવેલ હતું.

ગઈકાલે આ દર્દીના નમુના લેવાયા હતા અને આજે તેનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે. આ દર્દી પોઝીટીવ જણાતાં આરોગ્ય તંત્રની ટીમે તેની કામગીરી હાથ ધરી દીધી છે. આ ઉપરાંત આ દર્દીના પરિવારના સભ્યોને ફેસેલીટી કવોરોન્ટાઈનમાં ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

અડાલજને ગઈકાલે જ રાત્રે કન્ટેનમેન્ટ ઝોનમાં મુકવામાં આવ્યું છે. અહીં લૉકડાઉનના અમલનો પણ ચુસ્તતા સાથે કરાવવામાં આવી રહ્યો છે.

આ દર્દી પણ લોકલ ટ્રાન્સમિશનનો જણાતાં અને અમદાવાદ સાથેની તેની કનેકટવીટી જણાતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. જો કે તંત્ર દ્વારા કોરોના સાથેનું જનજાગૃતિ અભિયાન સઘન બનાવાયું છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આ સાથે કોરોના પોઝીટીવ દર્દીઓની સંખ્યા વધીને ૨૪ થઈ છે. જિલ્લામાં કોરોનાના કેસની સંખ્યા ૪૯ થઈ છે.

## જિલ્લામાં કોરોનાથી વધુ એક દર્દીનું સારવાર દરમ્યાન મોત

ગાંધીનગર, તા. ૧

કોરોનાથી જિલ્લામાં વધુ એક દર્દીનું મૃત્યુ થયુ છે. આ સાથે જિલ્લામાં કોરોનાથી સારવાર દરમ્યાન મૃત્યુ પામનારની સંખ્યા ૩ થઈ છે.

મળતી વિગતો પ્રમાણે ગ્રામ્ય વિસ્તારનો આ દર્દી ગઈકાલે જ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયો હતો અને આજે તેનુ મૃત્યુ થયુ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આ બીજા દર્દીનું મૃત્યુ થયુ છે. આ અગાઉ એક મહિલાનું સારવાર દરમ્યાન મૃત્યુ થયુ હતુ.

ગાંધીનગર શહેરમાં પણ સારવાર દરમ્યાન ૮૦ વર્ષની આયુ ધરાવતા દર્દીનું મૃત્યુ થયુ હતુ.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના પોઝીટીવના દર્દીઓની સંખ્યા ૨૪ છે. જેમાં બે દર્દીના મોત થયા છે. ૬ દર્દી સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જ્યારે હાલ ૧૬ દર્દી સારવાર હેઠળ છે. જિલ્લામાં કોરોનાને લઈ અત્યાર સુધીમાં ૫૪૦ ટેસ્ટ કરાવવામાં આવ્યા છે. જેમાં ૨૪ દર્દીઓ પોઝીટીવ જણાયા છે જ્યારે ૫૧૬ના રિપોર્ટ નેગેટીવ આવ્યા છે.

## કોરોના નિયંત્રિત કરવા માર્ગદર્શન માટે રાજીવ ગુપ્તા નિમાયા

ગાંધીનગર, તા. ૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના પાટનગર જિલ્લામાં કોરોના સંક્રમણને નાથવા માટે તેમજ ઉપાયોમાં જિલ્લાતંત્રનું માર્ગદર્શન કરવા માટે વન પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ રાજીવકુમાર ગુપ્તાને જવાબદારી સોંપી છે. ગુપ્તા જિલ્લામાં હાથ ધરાઈ રહેલી કોરોના વાયરસ સંક્રમણ નિયંત્રણની કામગીરી અને પગલાંઓનું સુપરવિઝન અસરકારક અમલીકરણ અને જિલ્લાતંત્રનું માર્ગદર્શન કરશે. આજે જિલ્લો રેડ ઝોનમાં મુકાયો છે અને તેમની આ નિમણુંક પછી જિલ્લામાં કોરોના સંક્રમણને નિયંત્રિત કરવાની કામગીરીમાં વેગ આવશે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કોવિડ-૧૯ની હોસ્પિટલો ઉભી કરવામાં તેમનું મહત્વનું યોગદાન રહેલુ છે જે પણ નોંધનીય છે.

# ગાંધીનગરમાં લોકડાઉનનો કડક અમલ કરાશે આંશિક છુટ નહીં અપાય

## રેડઝોનમાં સમાવેશ થતા નગરમાં લોકડાઉનનો આગામી ૧૭ મેં સુધી કડક અમલ કરવાનો રહેશે : નાગરિકોએ સ્વયંશિસ્ત દાખવી કોરાના સંક્રમણના મામલે જાગૃત રહેવુ પડશે

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં છેલ્લા સવા મહીનાથી લોકડાઉન ચાલી રહ્યુ છે. જયારે આજે પણ સમગ્ર દેશમાં લોકડાઉન આગામી તા ૧૭ મેં સુધી લંબાવાની જાહેરાત સરકારે કરી છે. ત્યારે દેશના વિવિધ ઝોન મુજબ લોકડાઉનમાં આંશિક છુટછાટ આપવાનો પણ નિર્ણય લેવાયો છે. આવા સંજોગોમાં બીજા તબક્કાના લોકડાઉન બાદ છુટછાટ આપવામાં આવશે તેવી લોકોની આશા પર પાણી ફરી વળ્યુ છે. જો કે કોરોના સંક્રમણના કેસો વધતા હજુ પણ લોકડાઉન લંબાવાય તેમ પણ બુધ્ધિજીવીઓ માની રહ્યા છે. ત્યારે સરકારના આ નિર્ણયને સૌ કોઈ આવકારી રહ્યા છે. ગાંધીનગરમાં પણ છેલ્લા બે ચાર દિવસમાં કોરોનાના કેસ વધતા આખરે જિલ્લાનો રેડ ઝોનમાં

● અનુસંધાન પાન-૭ પર


## દુઃખદ અવસાન



શ્રી ગીરીશભાઈ ગિરીધરલાલ ચોટાઇ (ઠક્કર)નું અવસાન તા.૩૦/૪/૨૦૨૦ને ગુરુવારના રોજ થયેલ છે.

**પ્રભુ તેમના આત્માને શાંતિ આપે.**

**હાલની કોરોના મહામારી અને લોકડાઉનની સ્થિતિને ધ્યાને રાખી લૌકિક ક્રિયા (બેસણું ) બંધ રાખેલ છે.**

અરુણભાઈ ગિરધરલાલ ચોટાઈ
ભાવિન અનિલભાઈ ચોટાઈ
કેયુર અનિલભાઈ ચોટાઈ
ધવલ ગિરિશભાઈ ચોટાઈ (ઠક્કર)
સ્વ. અનિલભાઈ ગિરધરલાલ ચોટાઈ
બ્રિજેશ અનિલભાઈ ચોટાઈ
ગુંજન ગીરીશભાઈ ચોટાઈ (ઠક્કર)
Mo. No. 9913964507
Mo. No. 9737898900

## સ્વર્ગવાસ



સંતોકબેન પરસોત્તમદાસ (અમરનાથબાપુ) પ્રજાપતિ

સખેદ જણાવવાનું કે અમારા પૂજ્ય ભાભીશ્રી **સંતોકબેન પરસોત્તમદાસ (અમરનાથબાપુ) પ્રજાપતિનું** તા. ૩૦/૪/૨૦૨૦ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદગતના આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

**વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સદ્દગતનું બેસણું તથા લૌકિક ક્રિયાઓ બંધ રાખેલ છે.**

લિ.
સ્વ. નટવરલાલ અમથારામ પ્રજાપતિ (જેઠ)
ડાહ્યાભાઈ સોમનાથ પ્રજાપતિ (દિયર)
સ્વ. હરિભાઈ સોમનાથ પ્રજાપતિ (દિયર)
સ્વ. લાલભાઈ સોમનાથ પ્રજાપતિ (દિયર)
પોપટલાલ સોમનાથ પ્રજાપતિ (દિયર)

લિ.
પિયરપક્ષ
પરસોત્તમદાસ કચરાભાઈ પ્રજાપતિ (ભાઈ)
બકોરભાઈ અંબાલાલ પ્રજાપતિ (ભાઈ)
તથા સમસ્ત વાવોલ પ્રજાપતિ પરિવાર

ઠે. પ્રજાપતિવાસ, તરપોજ, પેથાપુર, જી. ગાંધીનગર
મો. ૯૮૨૫૪ ૫૩૪૮૫ (પોપટલાલ) ● ૯૬૨૪૦૨૬૨૧૮ (ડાહ્યાભાઈ)

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

કોરોના સામેના જંગમાં સતત લડતા
ગાંધીનગર શહેર - જિલ્લાના




તમામ આરોગ્ય કર્મીઓને...
તમામ પોલીસ કર્મીઓને...
તમામ સફાઈ કર્મીઓને...
વંદન છે... અભિનંદન છે...

aaSHKa MULTISPECIALITY HOSPITAL
Info City Club & Resort
KALPA-TARU POWER TRANSMISSION
Pagarav Multi Speciality Hospital & I.C.U.
VAJ INFOMEDIA
SHRADDHADEEP GREEN CROSS PATHOLOGY LABORATORY
keshav aaradhyam

ઘરમાં રહીએ... સુરક્ષિત રહીએ...


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com